# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-05-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- ગુજરાતના હરમિત દેસાઇ અને માનવ ઠક્કરની ફ્રાન્સના પેરિસ ખાતે આગામી જુલાઈ મહિનામાં યોજાનાર ઓલિમ્પિક- 2024 માટે પસંદગી થઇ..
- જર્મનીએ ગુજરાત સાથે પુનઃપ્રાપ્ય ઉર્જા, એન્જિનિયરિંગ, વાહનો, પ્રવાસન અને કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવાની તત્પરતા દર્શાવી.
- ભરૂચ જિલ્લાના આંકલવા ગામની પ્રાથમિક શાળાને આંતરરાષ્ટ્રીય હરિત પ્રાથમિક શાળાનો પુરસ્કાર પ્રાપ્ત થયો..
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડે આગામી 24મી જૂનથી પૂરક પરીક્ષાની જાહેરાત કરી..
- સૌરાષ્ટ્ર અને કચ્છના છૂટાછવાયા વિસ્તારોમાં છેલ્લા 36 કલાકમાં હળવો વરસાદ નોંધાયો... આગામી 21મી મે સુધીમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની સંભાવના..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SURAT- OLYMPIC SELECTION

ગુજરાતના હરમિત દેસાઇ અને માનવ ઠક્કરની ફ્રાન્સના પેરિસ ખાતે આગામી જુલાઈ મહિનામાં યોજાનાર ઓલિમ્પિક- 2024 માટે પસંદગી થઇ છે. હરમિત દેસાઈ અને માનવ ઠક્કર ઓલિમ્પિકની ટેબલ ટેનિસની રમતમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

ઓલમ્પિક 2024 સ્પર્ધામાં ભારતીય ટીમમાં સ્થાન પામનાર માનવ ઠક્કરે પોતાની પ્રતિક્રિયા આ રીતે આપી..

## (બાઈટ - માનવ ઠક્કર)

ઉલ્લેખનીય છે કે, ભારતના પ્રથમ ક્રમાંકિત મહિલા ખેલાડી મનિકા બત્રા મહિલાઓની ટીમનું અને શરથ કમલ ભારતીય પુરુષ ટેબલ ટેનિસ ટીમનું નેતૃત્વ કરશે.

ગઈકાલે ભારતીય ટેબલ ટેનિસ સંઘ દ્વારા ટીમની જાહેરાત કરાઈ હતી. ભારતમાં ટોચના પુરુષ સિંગલ્સ ટેબલ ટેનિસ ખેલાડી શરથ કમલ વિશ્વમાં 40મું સ્થાન ધરાવે છે. વિશ્વના 62માં નંબરના માનવ ઠક્કર અને 63માં નંબરના રાષ્ટ્રીય ચેમ્પિયન હરમીત દેસાઈ પુરુષ ટીમના સભ્ય છે.. જ્યારે મહિલા ખેલાડીઓની ટીમમાં મનિકા બત્રા, શ્રીજા અકુલા અને અર્ચના કામથ છે.

# CM- GERMENY

જર્મનીએ ગુજરાત સાથે પુનઃપ્રાપ્ય ઉર્જા, એન્જિનિયરિંગ, વાહનો, પ્રવાસન અને કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવાની તત્પરતા દર્શાવી છે.. જર્મન કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની ગાંધીનગર ખાતેની સૌજન્ય મુલાકાતમાં આવી તત્પરતા દર્શાવી હતી.

જર્મન કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રીએ ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક જર્મન ઉદ્યોગકારોને રાજ્ય સરકારના સહયોગની

ખાતરી આપી હતી. બંને અગ્રણીઓએ ગિફ્ટસિટીમાં જર્મનીની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવાની સંભાવના અંગે ચર્ચા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે તે ઉપરાંત ગિફ્ટસિટીમાં ડોઈશ બેન્ક પણ શરૂ થઈ છે. મુખ્યમંત્રીએ જર્મન કોન્સ્યુલ જનરલને કચ્છી હસ્તકલા કારીગરીની કૃતિની ભેટ આપી હતી.

# GSFC UNI. MOU

વડોદરા સ્થિત જીએસએફસી યુનિવર્સિટીએ ચેન્નાઈ સ્થિત મેસર્સ ગરૂડા એરોસ્પેસ સાથે ડ્રોન ટેકનોલોજી માટે એમ.ઓ.યુ. કર્યા..આ એમઑયુનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટીના વિધાર્થીઓને ડ્રોન ટેક્નોલોજીમાં સંશોધન, વિકાસ, પ્રશિક્ષણ, તેમજ ડ્રોન ટેકનોલોજી ક્ષેત્રે આધુનિક આપવાનો  છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જીએસએફસી યુનિવર્સિટી વિધાર્થીઓને આગામી દિવસોમાં વિકસિત ભારત માટે જરુરી વ્યવસાયિક શિક્ષણ આપી રહ્યું છે. યુનિવર્સિટીમાં એડવાન્સ ડ્રોન લેબ પણ બનાવેલ છે.. યુનિવર્સિટીના વિદ્યાર્થી દ્વારા હીલિયમ બલૂન સાથે ડ્રોન, ઉપગ્રહ તરીકે ડ્રોન, મરીન ડ્રોન અને આગ સુરક્ષા તથા અન્ય ક્ષેત્રોમાં ડ્રોન એપ્લિકેશન્સ જેવા પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે.

# BHARUCH- SCHOOL IN.NATIONAL AWARD

ભરૂચ જિલ્લાના આંકલવા ગામની પ્રાથમિક શાળાને આંતરરાષ્ટ્રીય હરિત પ્રાથમિક શાળાનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે... શાળાના આચાર્ય તેમજ વિદ્યાર્થીઓએ ગ્રામજનોની મદદથી આંકલવા ગામનું સામાન્ય રીતે પાણી ખારું હોવા છતાં સરકારી શાળામાં મનમોહક ફૂલ ઝાડની શ્રુંખલા વિકસાવવાનું નોંધપાત્ર કામ કર્યું છે.. શાળામાં બનાવવામાં આવેલ વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા આ કામગીરીમાં મદદરૂપ થઇ છે. શાળામાં લીલા

છોડના વિસ્તારની સાથે જ લાલ કમળનો હોજ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.. લોકભાગીદારીના ભાગરૂપે આંકલવા ગ્રામજનો આર્થિક રીતે શાળામાં લીલોતરી વિકસાવવામાં પોતાનો ફાળો આપી રહ્યા છે.

# GTU- STHAPNA DIVAS

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના 17મા સ્થાપના દિનની ઉજવણી યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાઇ ગઈ...આ પ્રસંગે સમારોહના અધ્યક્ષપદે કુલપતિ ડો. રાજુલ કે. ગજ્જર, સાહિત્યકાર પદ્મશ્રી ડો.રઘુવીર ચૌધરી, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજયુકેશનના સચિવ રાજીવકુમાર, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડો.હર્ષદ પટેલ અને જી.સી.સી.આઈ.ના વરિષ્ઠ ઉપાધ્યક્ષ તથા એસ્ટ્રલ પાઈપના સંસ્થાપક સંદીપ એન્જિનિયર ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મહાનુભાવોએ પોતાના સંબોધનમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ 17 વર્ષની યાત્રામાં શિક્ષણ ક્ષેત્રે આપેલા યોગદાન અંગે વિગતવાર ગોષ્ઠી કરી હતી.

# GSHEB- PURAK PARIKSHA

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડે આગામી 24મી જૂનથી પૂરક પરીક્ષાની જાહેરાત કરી છે.

રાજ્ય શિક્ષણ બોર્ડની સત્તાવાર યાદીમાં જણાવાયું છે કે, આ પૂરક પરીક્ષામાં ધોરણ-10, ધોરણ-12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ તેમજ સંસ્કૃતિ પ્રથમા અને સંસ્કૃત મધ્યમા પ્રવાહોનો સમાવેશ થાય છે. આગામી સમયમાં પરીક્ષાનું સમયપત્રક પણ જાહેર કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ એક કે બે વિષયમાં નાપાસ થયા હોય કે ગેરહાજર રહેલા હોય તેવા વિદ્યાર્ખીઓ પૂરક પરીક્ષા આપી પોતાના ગુણપત્રક સુધારણાને અવકાશ ધરાવે છે.

# Telecom Day

આજે ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયર્સ અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનનાં સંયુક્ત ઉપક્રમે વર્લ્ડ ટેલિકમ્યુનિકેશન એન્ડ ઇન્ફોર્મેશન સોસાયટી ડે મનાવવામાં આવ્યો હતો. 'ડિજિટલ ઇનોવેશન એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' થીમ પર આયોજિત આ કાર્યક્રમમાં નિલેશ વાઘેલા, પ્રો. ધવલ પુજારા અને નિરજ શાહે વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન દિનેશ અગ્રવાલે કર્યું હતું.

# WEATHER UPDATE

હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારો ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી 21મી મે સુધીમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની સંભાવના દર્શાવી છે. તો બીજી તરફ સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં છેલ્લા 36 કલાકમાં હળવો વરસાદ નોંધાયો છે.

સૌથી વધુ 30 મિલીમીટર વરસાદ મોરબી જીલ્લાના ટંકારામાં નોંધાયો છે. આ ઉપરાંત ખંભાળિયા તાલુકામાં 20 જ્યારે મોરબી અને ડાંગ તાલુકાઓમાં 10 મિલીમીટર વરસાદ થયો હોવાના અહેવાલ છે.

રાજ્યમાં છેલ્લા 36 કલાકમાં ઘણી જગ્યાએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 1થી 6 ડિગ્રી વધુ નોંધાયું છે. વેરાવળમાં સામાન્ય કરતા છ ડિગ્રી સેલ્શિયસ વધુ તેમજ સુરત, વલસાડ અને મહુવામાં સામાન્ય કરતા પાંચ ડિગ્રી વધુ, ભૂજ, નલિયા અને કેશોદમાં ચાર ડિગ્રી વધુ, કંડલા પોર્ટ, ઓખા, ડીસા અને વલ્લભવિદ્યાનગરમાં સામાન્ય કરતાં ત્રણ ડિગ્રી વધુ મહત્તમ તાપમાન

નોંધાયું છે. આ જ સમયગાળામાં લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં એકથી ત્રણ ડિગ્રી વધુ નોંધાયું છે.

## GUJ. KAMOSMI VARSAD NUKSAN

રાજ્યમાં થઇ રહેલા કમોસમી વરસાદ અંગે વિવિધ જીલ્લાના પ્રતિનિધીઓ અહેવાલ આપી રહ્યા છે....

ઉત્તર ગુજરાતના જીલ્લાઓમાં વાતાવરણમાં પલટો આવતા ભરઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. સાબરકાંઠા જીલ્લામાં ખેડબ્રહ્મા, પોશીના, ઇડરના ગ્રામીણ પંથકોમાં ભારે પવન સાથે વરસાદ થયાના અહેવાલ છે. આ પંથકના ખેડૂતો બાજરી, જુવાર જેવા પાકોમાં નુકસાનની ભીતી સેવી રહ્યા છે.

દક્ષિણ ગુજરાતમાં છુટા છવાયા વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ થયાના અહેવાલ છે. વલસાડ જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે, જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ થયો છે.

ડાંગ જિલ્લાના સોનગીર, ભેસકાતરી, ચિચોડ, શિવાનરીમાળ ગામે વાવાઝોડા સાથે ભારે વરસાદ થયો.. વાવાઝોડામાં સેંકડો ઘરોના છાપરા નળીયા ઉડી ગયાના,તેમ અનેક વૃક્ષો ધરાશાઈ થયાના પણ  સમાચાર મળ્યા છે..

આ તરફ સૌરાષ્ટ્ર પંથક માં પણ કમોસમી વરસાદે તારાજી સર્જયાના સમાચાર મળી રહ્યા છે..  અમરેલી જિલ્લામાં વરસાદ સાથે ફૂંકાયેલા તોફાની પવનના કારણે ભારે નુકસાન થયું છે. બાબરા પંથકમાં 100 થી વધુ વીજપોલ અને વૃક્ષો ધરાશાઈ થયા હતાં. સાથે જ પાણી પુરવઠાની દીવાલ પણ જમીનદોસ્ત થઇ હતી. આ ઉપરાંત ખેતીના પાકમાં બાજરો, જાર, મગ, તલ સહિતના પાકોને પણ નુકસાન થયું છે.

ભાવનગર જીલ્લામાં ઊંચા કોટડા ગામે કમોસમી વરસાદ થયાના અહેવાલ અમારા પ્રતિનિધી આપી રહ્યા છે.

કચ્છ જીલ્લામાં કમોસમી વરસાદથી ભારે પવન ફૂંકાતા વીજતંત્રના ફીડરો બંધ થયાના અહેવાલ મળી રહ્યા છે. પશ્ચિમ કચ્છના વિવિધ વિસ્તારોમાં 50થી વધુ ફીડરો બંધ થતાં વીજતંત્રની ટીમો સમારકારમ કરી રહી છે.

# PRE- MONSOON

રાજ્યમાં વિવિધ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચોમાસા પૂર્વેના આગોતરા આયોજનો માટે પ્રિ-મોન્સૂન સમીક્ષા બેઠક યોજાઈ રહી છે તેમજ કેટલાક વિસ્તારોમાં ચોમાસા પૂર્વે થતી કામગીરી કરાઇ રહી છે.